Extra No. 329

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, NOVEMBER 3, 2025 / KARTIKA 12, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૭૬)-નો.૨.નં.૭૧-૧૦૨૦૨૫-ક-૧૯૦૪૭૮ થી ૧૯૦૫૦૧: રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્વરાજ્યના એકમોની ચૂંટણીમાં રાજકીય પક્ષો પક્ષીય ધોરણે ઉમેદવાર ઊભા રાખી ચૂંટણી લડે તે માટે પક્ષની નોંધણી કરવા આયોગે તા.૧૯-૧૧-૨૦૧૧ નો આદેશ કરેલ છે. આ આદેશના ફકરા-૪ માં નિર્દેશ કર્યા પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી આયોગને નોંધણી માટે અરજી મળેલ છે.

(૧) પક્ષનું નામ	:-	જન સેવા ડ્રાઈવર પાર્ટી
(૨) સરનામું	:-	એફ/૨૦૧ ક્રિસ એક્ઝોટીકા, રાજીપા ગ્રીનલેન્ડની સામે, શ્યામ વેદ રેસિડેન્સી પાછળ, નિકોલ, અમદાવાદ, ગુજરાત- ૩૮૨૩૫૦
(૩) પક્ષના પ્રમુખનું નામ / સરનામું	:-	સુશ્રી પૂનમબેન પ્રવિણકુમાર તિવારી બી/૧૬૧-૧૬૨, ગણેશ પાર્ક-૫, મેમદપુરા, દસ્ક્રોઈ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૪૯
(૪) માંગણી કરેલ પ્રતીકની વિગત	:-	'ટાયર'

'ટાયર' પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે.

જન સેવા ડ્રાઈવર પાર્ટીની અરજી અનુસંધાને રાજકીય પક્ષ તરીકે નોંધણી કરવા તથા કામચલાઉ ધોરણે પ્રતીક ફાળવવા સામે તા.૨૦-૦૯-૨૦૨૫ ના રાજ્ય સરકારના રાજ્યપત્રમાં જાહેર નોટિસ આપી વાંધા, સલાહ, સૂચનો માગવામાં આવેલ છે.

નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા, સલાહ-સૂચનો રજૂ થયેલ નથી. નોંધણી માટે રજૂઆત કરનાર જન સેવા ડ્રાઈવર પાર્ટીની અરજીની વિગતો આયોગે ચકાસણી કરેલ છે. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય ચૂંટણી આયોગ સ્વરાજ્યના એકમોમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે ઉક્ત અરજદારને નીચેની શરતોએ જન સેવા ડ્રાઈવર પાર્ટીને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા તેમજ 'ટાયર' પ્રતીક કામચલાઉ ધોરણે રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૮-૦૨-૨૦૧૨ના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.૨૨૧(૧)-૨૨૦૧૨-ક તથા સુધારા આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.૨૨૧(૧)-૧૨૦૧૮-ક, તા.૨૨-૦૧-૨૦૧૮ અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરે છે.

શરતો :

(૧) ભારતના બંધારણમાં સાચી શ્રધ્ધા ધરાવશે અને તેને વફાદાર રહેશે. સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના સિધ્ધાંતો અને ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડીતતાનું સમર્થન કરશે.

(૨) પક્ષ, પક્ષના નોંધાયેલા સભ્યો અને પક્ષના ઉમેદવારો રાજ્ય ચૂંટણી આયોગ ગુજરાતે સ્વરાજ્યના એકમોની ચૂંટણીઓ માટે વખતોવખત બહાર પાડેલ આદર્શ આચાર સંહિતાની તથા તેની તે સંદર્ભે જારી કરવામાં આવેલ આદેશો / સૂચનાઓની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરશે તેમજ તેનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૩) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા મુક્ત, ન્યાયી, અને શાંતિપૂર્વક ચૂંટણીઓનું સંચાલન બળવત્તર બનાવવાના હેતુથી રાજ્ય ચૂંટણી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનો અમલ કરશે/પાલન કરશે.

(૪) પક્ષનું નામ, વડી કચેરીનું સરનામું, રાજ્ય કક્ષાની કચેરીનું સરનામું, પક્ષના રાષ્ટ્રીય / રાજ્ય કક્ષાના હોદ્દેદારો / પદાધિકારીઓના નામ કે અન્ય કોઈ અગત્યની ભૌતિક બાબતોમાં ફેરફાર થયેથી કે અન્ય કોઈ બીજી મહત્વની બાબતના ફેરફારની વિના વિલંબે રાજ્ય ચૂંટણી આયોગને જાણ કરશે. પક્ષના નામમાં ફેરફાર કરવા રાજ્ય ચૂંટણી આયોગની પૂર્વમંજૂરી મેળવશે.

(૫) રાજ્ય ચૂંટણી આયોગ અને સ્થાનિક સ્વરાજ્યના એકમોની ચૂંટણીના નિયુક્ત ચૂંટણી અધિકારીને પક્ષે ઊભા રાખેલ ઉમેદવારોના નામ મોકલવા પક્ષના અધિકૃત વ્યક્તિના નામ અને સહીના નમૂના મોકલશે.

(૬) પક્ષ તેના આવક-ખર્ચના સાચા હિસાબો નિભાવશે. ખાસ કરીને સ્વરાજ્યના એકમોની ચૂંટણીઓ સંબંધમાં પક્ષના સામાન્ય પ્રચાર માટે અને પક્ષ ઊભા રાખેલ ખાસ ઉમેદવારોના ચૂંટાવાની સંભાવના વધારવા ઉમેદવારદીઠ કરવામાં આવેલ ખર્ચના હિસાબો નિભાવશે.

(૭) નાણાંકીય વર્ષ શરૂ થયા પછીના એક વર્ષની અંદર પક્ષના ઓડીટ થયેલ હિસાબો અને સંબંધિત વર્ષમાં અમલમાં હોય તે કાયદા હેઠળ ફાઈલ કરેલ આવક વેરાના રીટર્નની નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૮) પક્ષના સભ્ય સંખ્યા બળની આંકડાકીય માહિતી તથા સદસ્યોના સંવર્ગ હોય તો દરેક સંવર્ગની સંખ્યા તમામ સંવર્ગના કુલ સભ્યોનું સભ્ય સંખ્યાબળ ઓછામાં ઓછું ૧૦૦ હોવું જોઈશે. સદસ્યોના નામ, મતદાર યાદીમાં નોંધણી થયાની વિગત એટલે કે અદ્યતન મતદાર યાદીની નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૯) પક્ષ રાજ્યની કોઈપણ સ્વરાજ્યના એકમોમાં કોઈપણ પદાધિકારી / હોદા અથવા સદસ્ય તરીકે પ્રતિનિધિત્વ કરતા હોય તો સ્વરાજ્યના એકમોનું નામ તથા તેમાં હોદો ધરાવતા સભ્યો / પદાધિકારીની સંખ્યાની વિગતો મોકલશે.

(૧૦) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા અથવા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણીઓનું સંચાલન બળવતર કરવાના હેતુથી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચના અને નિર્દેશોનું પાલન કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧-૧૧૨૦૧૧-ક, તા.૧૯-૧૧-૨૦૧૧ના ફકરા ક્રમાંક : ૫ માંની જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગ રાજકીય પક્ષની નોંધણી રદ કરી શકશે.

નોંધાયેલ પક્ષ તરીકે ઉપરોક્ત શરતો તથા રાજ્ય ચૂંટણી આયોગે સમયાંતરે જે સૂચનાઓ/ આદેશો બહાર પાડે તેનો ચુસ્તપણે અમલ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.11.07 20:56:15 IST